# ૧૧ મો
# વાર્ષિક અહેવાલ
## ૨૦૨૦-૨૧




દિવ્યજ્યોતિ ટ્રસ્ટ

ઘસાઈને ઉજળા થઈએ, બીજાના ખપમાં આવીએ.
- રવિશંકર મહારાજ

## દિવ્યજ્યોતિ ટ્રસ્ટ નવજાત બાળકોની સેવામાં...

દિવ્યજ્યોતિ ટ્રસ્ટ "કોઈપણ વ્યક્તિ સારવારના અભાવે અંધ ન બને" એવા ધ્યેય સાથે સુરત જિલ્લાના માંડવી મુકામે છેલ્લા દસ વર્ષથી કાર્યરત છે.

ટ્રસ્ટની કામગીરીમાં મુખ્યત્વે ૧૦૦ પથારીની તેજસ આંખની હોસ્પિટલ અને તેને સંલગ્ન બાબતોનો સમાવેશ થાય છે. જેની, આ સાથે વિગતવાર માહિતી આપી છે. પરંતુ આ ઉપરાંત અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ - જે અંતરિયાળ વિસ્તારમાં આરોગ્યલક્ષી કામગીરી કરે છે, ત્યાં અમારા ડોક્ટર્સ કે ટેકનીકલ ટીમ અથવા બન્ને ને મહિનામાં ૧ કે ૨ વાર મોકલીને આંખની સારવાર કરવામાં આવે છે.

સામાન્ય રીતે અધૂરા માસે જન્મેલા - ઓછા વજનવાળા બાળકોને શરૂઆતમાં કાચની પેટીમાં રાખવા પડે છે, તેવા બાળકોના પડદાની સમયસર તપાસ - સારવાર દ્વારા તેમની દ્રષ્ટિ બચાવી શકાય છે. તે માટે (૧) શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ, ધરમપુર (૨) ગ્રામ સેવા ટ્રસ્ટ, ખારેલ અને (૩) સેવા રૂરલ, ઝઘડીયામાં આ કામગીરી કરવામાં આવી છે. દર મહિને ૨ થી ૩ નવજાત બાળકોને અંધ થતા બચાવી શકાય છે જે અમારે માટે અત્યંત સંતોષદાયી અને આનંદપ્રદ છે.

આ વર્ષથી વ્યારાની મોદી બાળકોની હોસ્પિટલના સંચાલકની વિનંતીથી ત્યાં પણ નવજાતશિશુની આંખની તપાસ કરવાનું શરૂ કર્યું છે. આ કામગીરીની માહિતી નીચે મુજબ છે :-

| ક્રમ | કેન્દ્ર | | વર્ષ | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ | |
| ૧ | શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ, ધરમપુર | નવજાત શિશુની રેટીના તપાસ | ૨૮૦ | ૪૧૭ | ૧૭૫ | ૨૭૯ | ૨૩૧ | ૧૩૮૨ |
| | | બાળકોની સામાન્ય તપાસ | - | - | ૬૭૫ | ૫૦૪ | ૨૨૫ | ૧૪૦૪ |
| ૨ | ગ્રામ સેવા ટ્રસ્ટ, ખારેલ | નવજાત શિશુની રેટીના તપાસ | - | - | ૧૮૯ | ૯૧ | ૧૬૯ | ૪૪૯ |
| ૩ | સેવારૂરલ, ઝઘડીયા | પડદાની તપાસ | - | - | - | - | ૧૬૪ | ૧૬૪ |
| | | નવજાત શિશુ | - | - | - | - | ૨૭૮ | ૨૭૮ |
| ૪ | મોદી બાળકોની હોસ્પિટલ, વ્યારા | નવજાત શિશુની આંખના પડદાની તપાસ | - | - | - | - | ૨૦ | ૨૦ |
| | | કુલ | ૨૮૦ | ૪૧૭ | ૯૩૯ | ૮૭૪ | ૧૦૮૭ | ૩૬૯૭ |

## પર્યાવરણ સુરક્ષા પ્રત્યે પ્રતિબધ્ધતા

ટ્રસ્ટની સ્થાપનાની શરૂઆતથી જ પર્યાવરણ સુરક્ષાને ધ્યાનમાં રાખીને યથાશક્ય પ્રયત્નો કર્યા. જૂના મકાનમાં સોલર સ્ટ્રીટ લાઈટ, એલઈડી બલ્બ, સોલર પાવર જનરેશન પ્લાન્ટ અને સોલર વોટર હીટર ઈન્સ્ટોલ કર્યા. ત્યારબાદ જૂના મકાનની પાછળ નવું બાંધકામ કરતી વખતે આ અભિગમને કેન્દ્રમાં રાખીને બાંધકામમાં ટાઈલ્સને બદલે કોટાસ્ટોન, પ્લાસ્ટીક-ફાઈબરને બદલે એલ્યુમિનિયમ, કાચ, લોખંડ કે સેકન્ડ હેન્ડ લાકડા વાપર્યા. પંખા પણ વિજળીની બચત કરે તેવા વાપર્યા. આ ઉપરાંત રેઈનવોટર હાર્વેસ્ટીંગ, વોટર રીસાઈકલીંગ કરવા માટે સ્પેશ્યલ પ્લમ્બીંગ કરાવ્યું. બાયોગેસ પ્લાન્ટ, સ્ટીમ કૂકરના સાધનો, સોલાર વોટર હીટર અને સોલાર ઈલેક્ટ્રીસીટી જનરેટીંગ પ્લાન્ટ ઈન્સ્ટોલ કર્યા. આવા સઘન પ્રયત્નોને બિરદાવતું ઈન્ડીયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સીલનું પ્લેટીનમ કેટેગરીનું સર્ટીફીકેટ પ્રાપ્ત થયું આ બધા સફળ પ્રયાસોને કારણે પર્યાવરણને નીચે મુજબ લાભ થયા.

(૧) વરસાદના પાણીના સંગ્રહ માટે ૨ લાખ લીટર ક્ષમતાવાળી અંડરગ્રાઉન્ડ ટાંકીમાં ૬ વર્ષમાં કુલ ૧૦ લાખ લીટર પાણી સંગ્રહ કર્યું.

(૨) વોટર લેસ યુરીનલનો ઉપયોગ થવાથી ૭.૫ લાખ લીટર પાણી બચાવ્યું અને ૫૦ લાખ લીટરથી વધુ પાણી રીસાઈકલ કર્યું.

(૩) એ.સી. માંથી બહાર નીકળતું પાણી જે ભેગું કરીને ઓટોક્લેવમાં વાપરવાથી ૧૨,૦૯૬ લીટર પાણી બચ્યું છે.

(૪) સોલાર પાવર જનરેશન પ્લાન્ટ થકી ૧,૯૧,૨૦૪ યુનીટ પાવર જનરેટ કર્યો.

(૫) સોલાર વોટર હીટર દ્વારા પાણી ગરમ કરવાથી ૧૪,૪૪૫ રૂપિયા દર વર્ષે બચત થાય છે.

(૬) ડીસ્ટીલ વોટર ઉપરાંત ઓટોક્લેવમાં ખૂટતું પાણી સોલાર હીટરથી ગરમ થયેલું વાપરીએ છીએ તેથી વર્ષે ૧૨,૯૪૦ યુનીટ વિજળી બચત થાય છે.

(૭) બાયોગેસ દ્વારા પેદા થતા બળતણને કારણે ૧૦૦૦ કિગ્રા ગેસ બચાવી શક્યા.

૮ વીઝન સેન્ટર અને ૩ સેટેલાઈટ સેન્ટર પર દર્દીઓની તપાસ થઈ જવાથી તેમનો માંડવી આવવા-જવાનો ખર્ચ બચ્યો અને આડકતરી રીતે કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવામાં મદદરૂપ થઈ શક્યા.

શુભેચ્છકશ્રી,

આપની સમક્ષ ૧૧મો વાર્ષિક રીપોર્ટ રજૂ કરતા આનંદ અનુભવીએ છીએ.

કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે માર્ચ-૨૦૨૦ના છેલ્લા અઠવાડિયાથી કામ ઘણું ઓછું થવાનું શરૂ થયું. એપ્રિલ-૨૦૨૦ થી ૩૧ માર્ચ-૨૦૨૧ દરમિયાન કુલ કામગીરી ૬૦% જેટલી થઇ. કામગીરી ઘટવાને કારણે સ્વાભાવિક રીતે જ આવકમાં અને સરકારશ્રી તરફથી મળતાં ફંડમાં પણ ઘટાડો નોંધાયો. આવા સંજોગોમાં આપ સૌ દાતાઓને એક અપીલ કરતાં જ સૌએ ઉદાર હાથે મદદ કરી. જો કે કોરોનાને કારણે દાતાઓને પણ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હશે, તેમ છતાં સૌએ ઉદાર હૃદયે ફાળો નોંધાવી અમારું મનોબળ ટકાવી રાખ્યું અને તેના થકી આ માનવતાના કાર્યને આગળ વધારી શક્યા. સ્ટાફના એકપણ સભ્યને છુટા કરવામાં નથી આવ્યા તે નોંધનીય છે. સૌ દાતાઓને શત શત વંદન.

કોવિડના સમયગાળામાં સૌપ્રથમ દર્દી અને સ્ટાફને કોરોનાનો ચેપ ન લાગે તે માટે ગાઇડલાઇન નક્કી કરી. તેની સ્ટાફના દરેક સભ્યોને તાલીમ આપી. ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં જરૂરી ફેરફાર કર્યા. સેનીટાઈઝર્સ-માસ્ક, ગ્લોવ્સ વિગેરે ઉપલબ્ધ કરાવ્યા અને તે મુજબ કામગીરી કરી.

વ્યારા સેટેલાઇટ સેન્ટર, સરકારશ્રીને કોવિડ હોસ્પિટલ બનાવવા સોંપ્યું. સુરત માનવ સેવા સંઘ ''છાંયડો'' એ પ્રારંભેલા અન્નદાનના ભગીરથ કાર્યમાં ડ્રાઈવર સાથે વાહન વ્યવસ્થામાં મદદરૂપ થયા. અંધ બાળકોના કુટુંબોને મીશન ફોર વીઝન સંસ્થાની આર્થિક મદદથી છ મહિનાનું રાશન ઘેરબેઠા પહોંચાડ્યું. હોસ્પિટલને કોવિડ હોસ્પિટલ તરીકે વાપરવા માટે સરકારશ્રીને ઓફર કરી હતી પરંતુ સદ્નસીબે તેવી જરૂર પડી ન હતી.

આવા કપરા સમયમાં સ્ટાફમાં પણ કેટલાક સભ્યો કોરોનાગ્રસ્ત થયા પરંતુ ઈશ્વરકૃપાથી સૌ સાજા પણ થયા.

૧૭ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ અમલસાડી મુકામે ભૂમિપૂજનના કાર્યક્રમનું આયોજન કર્યુ અને ૩૧મી જાન્યુઆરીથી ત્યાં નવું બાંધકામ શરૂ થઇ ગયું છે. આ કાર્ય માટે ઘણા વધારે ફંડની આવશ્યકતા છે. દાતાઓને ઉદાર હાથે મદદ કરવા આગ્રહભરી વિનંતી. આશા છે આપ સૌ આ કાર્યમાં પણ અમારી મદદ કરતા રહેશો.

તા.ક. ૨૨મી મે ૨૦૨૧ ના રોજ હોસ્પિટલ કાર્યરત થયા ને દસ વર્ષ પુરા થયા. અને આ દસ વર્ષ દરમિયાન વર્ષે ૩૬૦૦ ઓપરેશનથી શરૂ કરીને વર્ષે ૧૩૦૦૦ સુધીના મુકામે પહોંચી શક્યા.

| | | |
|---|---|---|
| ભરતભાઇ શાહ<br>પ્રમુખ | નલીનભાઇ શાહ<br>મંત્રી | ડૉ. ઉદયભાઇ ગજીવાળા<br>ઉપપ્રમુખ |

માંડવી

તા. ૧૫-૧૨-૨૦૨૧

## ઋણસ્વીકાર

જો હોય શ્રધ્ધાની વાત, તો પુરાવાની શું જરૂર? આ ઉક્તિ મુજબ દસ વર્ષની યાત્રામાં ઈશ્વરના સાક્ષાત્કાર તો નથી કર્યાં, પરંતુ તેની હાજરીનો અનુભવ સદાય કર્યો છે. અનેક પડકાર, ઉતાર-ચઢાવ અને આશા-નિરાશાના દ્વંદ્વ વચ્ચે પરમકૃપાળુ પરમાત્માએ હાથ ઝાલીને દોર્યા છે અને મુશ્કેલીઓમાંથી બહાર આણ્યા છે!!

વાત શરૂઆતની કરીએ, તો જ્યારે એક નવું ટ્રસ્ટ રચીને સુરત જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં માત્ર આંખની હોસ્પિટલ શરૂ કરીને ગરીબ લોકોની આંખની સારવાર અને તેને સંલગ્ન સેવાઓ આપવાનો નિર્ધાર કર્યો ત્યારે ફક્ત અનુભવનું ભાથુ સાથે હતું. નાણાંકીય વ્યવસ્થા, હોસ્પિટલ માટેનું સ્થળ અને તાલીમબધ્ધ સ્ટાફ તો ફક્ત કલ્પનામાં હતા!!

આવા સંજોગોમાં સૌ પ્રથમ ડૉ. ભદ્રાબહેન શાહે પીઠબળ પુરું પાડ્યું અને તેમના સ્વ. પતિશ્રી ભરતભાઈની સ્મૃતિમાં આરોગ્ય સેવા અંગે મદદ કરવા એકઠી કરેલી મૂડી શેર એન્ડ કેર ફાઉન્ડેશન મારફત હોસ્પિટલના પાયામાં મૂકી.

ત્યારબાદ 'છાંયડો' - સુરત માનવ સેવા સંઘના ઉપપ્રમુખ (તત્કાલીન) શ્રી ભરતભાઇ શાહ તથા અન્ય ટ્રસ્ટીઓ શ્રી શ્યામસુંદરજી બિયાણી (હવે સ્વર્ગસ્થ); શ્રી રામનારાયણજી ચાંડક, શ્રી લાલજીભાઇ પટેલ, શ્રી બાલુભાઇ પટેલ તથા અમદાવાદના ડૉક્ટર શ્રી બકુલભાઇ ત્રિવેદી, ડૉ. અમીષભાઇ પટેલ, સુરતના શ્રી વિજયભાઇ કણીયા, માંડવી નગરના અગ્રણી તથા અન્ય સમાજસેવાની સંસ્થાનાં અગ્રણી શ્રી નલીનભાઇ શાહ તથા વાલોડ-વેડછીના શિક્ષણકાર્યમાં આદરભેર લેવાતું નામ શ્રી ભીખુંભાઇ વ્યાસ અને મુંબઇના વ્યવસાયે વકીલ અને સમાજસેવાના કાર્યમાં અગ્રેસર શ્રી સુભાષભાઇ શાહ જોડાયા.

ટ્રસ્ટ રજીસ્ટ્રેશન કર્યા બાદ માંડવીની આજુબાજુ તથા માંડવી નગરમાં હોસ્પિટલને અનુરૂપ મકાન/જમીન શોધ કરતા હતા, ત્યાં માંડવીના સુથાર ફળિયામાં આવેલું લસ્ટર ડાયમંડ કંપનીનું મકાન તેના માલિકોએ સદ્ભાવનાથી ભાડાપટે ફાળવ્યું. હીરાની ફેકટરીના મકાનને હોસ્પિટલને અનુરૂપ બનાવવા ઘણું રીનોવેશન કરવાનું ઠરાવ્યું. તેને માટે સિવીલ એન્જીનીયર તરીકે શ્રી વિજયભાઇ કણીયા; સ્ટ્રક્ચરલ ડીઝાઇનર્સ શ્રી કમલ પારેખ તથા હંસાબહેન પારેખ; અને ત્રિમૂર્તિ એન્જીનીયર્સે પોતાના શ્રમકાર્યની સેવાઓ વિનામૂલ્યો ફાળવી.

એડવોકેટશ્રી રોહનભાઇ ચુડાવાળાએ ચેરીટી કમિશ્નરની કચેરીમાં કરવાની કાયદાકીય કાર્યવાહીમાં વિનામૂલ્યે માર્ગદર્શન આપ્યું.

હોસ્પિટલનું રીનોવેશન કામ ચાલતું હતું, તે દરમિયાન અઠવાડિક નિદાન કેમ્પ શરૂ કર્યા હતા જેની પુનમવાડીના સંચાલકોએ વ્યવસ્થા કરી આપી.

મકાનના રીનોવેશન માટે શ્રી લાલજીભાઇ પટેલ (સુરત - કચ્છ); ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી જયકુમાર છૈરા; લીલાવતી ર. શાહ મેડીકલ રીલીફ ટ્રસ્ટ વતી શ્રી સુભાષભાઇ શાહ; તેરાપંથ સમાજ - ઉધનાના દાતાઓ; શ્રી હરિરામ ચેરીટેબલ ટ્રસ્ટ; ગિરીકુંજ ચેરીટેબલ ટ્રસ્ટ વતી શ્રી ડી.ટી. કાપડીયા, ગોવિંદપ્રસાદ સરાવગી ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી ભૂપતભાઇ પોપટ તથા પરિવારજનો; તારાબહેન નારણભાઇ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ - અમદાવાદ; સરગમ કન્સ્ટ્રકશન - સુરત વતી શ્રી મણીભાઇ પ્રજાપતિ, શ્રી લવજીભાઇ પ્રજાપતિ, શ્રી કરસનભાઇ પ્રજાપતિ; ધાનેરા

ડાયમંડ; શ્રી ચંદ્રેશભાઇ અને શ્રી નિલેશભાઇ મગનભાઇ તથા અમદાવાદના શ્રી મહેશચંદ્ર શ્રોફ પરિવાર; વલસાડના શ્રી ઇન્દુકુમાર શાહ; નડિયાદના ડૉ. દંપતિ ડૉ. સુરેન્દ્રકુમાર - ડૉ. હંસાબહેન દવે; શ્રી ગોપાલભાઇ સકલાણીયા; શ્રી રણછોડદાસ કાંતિલાલ ગજીવાળા તથા પ્રભુતાબેન ગજીવાળા; પંકજ કાપડીયા ચેરીટેબલ ટ્રસ્ટ; શ્રી સંજય સુરાના; નીલકેશભાઇ વસંતલાલ શાહ; શ્રી વિજયભાઇ કણીયા અને ભારતીબહેન કણીયા પરિવાર; શ્રી કરસનભાઇ અને શ્રીમતી ગુલાબબેન ભક્ત; શ્રી લક્ષ્મીલાલજી બાફના; શ્રી કાનજીભાઇ મધુજીભાઇ વીરડીયા; શ્રી આનંદ અરૂણકુમાર મોદી; શ્રી સ્નેહલભાઈ શાહ; શ્રી મગનભાઇ તથા શ્રીમતી પ્રવિણાબેન ચાંપાનેરીયાએ નોંધપાત્ર ફાળો આપ્યો.

આ ઉપરાંત કેમ્પ કરવા માટે પ્રચાર કરવા ૭ સીટર ટાટા સુમો ગાડી સુરતના દાતાશ્રી લવજીભાઇ ડુંગરજીભાઇ ડાલીયા પરિવાર તરફથી તેમજ ૪૦ સીટર આયશર બસ એશિયન સ્ટાર કું. (હ. અરવિંદભાઇ શાહ) તરફથી મળી; જે હોસ્પિટલની શરૂઆતથી જ ખૂબ ઉપયોગી નીવડી.

કેમ્પના આયોજન માટે તિથીદાન તેમજ નિયમિત પ્રદાનમાં હરિઓમ સેવા ટ્રસ્ટ - વડોદરા; ઉર આશા ઝવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટ; જીનેન્દ્ર ચેરીટેબલ ટ્રસ્ટ; શ્રી વિજયભાઇ દાલીઆ તથા નિપુણાબહેન દાલીઆ; મહેશ્વરી સમાજ - સુરત; હેમંતકુમાર મહેન્દ્ર નેમચંદ ઝવેરી; ડૉ. વિકાસબેન દેસાઇ, વિગેરેનું નોંધપાત્ર પ્રદાન છે.

દાખલ થયેલા દર્દી માટે (ઇન્ડોર-પેશન્ટ) અને તેના ૧ સગાંને માટે ભોજનશાળાની સુવિધા જૂન-૨૦૧૧ થી શરૂ કરી તેનો નિયમિત ખર્ચ સુરત માનવ સેવા સંઘ 'છાંયડો' ઉઠાવે છે. આ ઉપરાંત આધારસ્તંભ દાતાઓ - લવજીભાઇ પ્રજાપતિ; શ્રીમતી લક્ષ્મીબેન ઉમેદભાઇ પટેલ; શ્રી રમેશભાઇ ગુલાબભાઇ પટેલ; શ્રી કુંજન દુર્લભભાઇ પટેલ; ડૉ. શશીકાંતભાઇ શાહ વિગેરેનો ફાળો નોંધપાત્ર છે.

હોસ્પિટલ માટે બેડની વ્યવસ્થા મુંબઇના દંપતી શ્રી બિહારીભાઇ શાહ (જેઓ પોતે પ્રજ્ઞાચક્ષુ છે) તથા તેમના પત્ની શ્રીમતી ઉર્મિબહેન શાહે મેળવી આપી.

હોસ્પિટલના સાધનો; જુદી જુદી ક્લીનીકના મશીનો; વિગેરે માટે શ્રી મહેરા આઈ ટેક કું.ના શ્રી રવિકુમાર મહેરા; પેન્ટાગોન ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી સુનીલભાઇ દલાલ તથા શ્રીમતી સ્વાતિબહેન દલાલ; ધન પેસ્તનજી પરખ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તેમજ હોસ્પિટલ કાર્યરત થયા બાદ બીજા વર્ષે કાકારાપાર અણુમથકના અધિકારીઓના ઋણી છીએ.

હોસ્પિટલ માટે શરૂઆતમાં જોડાયેલા ટેક્નીકલ સ્ટાફ, ઓપ્થેલ્મીક આસિસ્ટંટ, ઓપ્થેલ્મીક નર્સ, ઓટી આસિસ્ટંટ અને ચશ્મા ફીટીંગ (પ્રથમ બેચ)ની તાલીમ સેવારુરલમાં વિનામૂલ્યે કરવામાં આવી.

હોસ્પિટલ શરૂ થયા બાદ આ દસ વર્ષ દરમિયાન વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા, મિશન ફોર વિઝન, જ્વેલેક્ષ ઈન્ડિયા પ્રા.લિ., ભણશાળી ટ્રસ્ટ જેવા દાતાઓનો સતત નોંધપાત્ર સહયોગ મળતો રહ્યો છે.

ગરીબ દર્દીઓના ઓપરેશન માટે ગુજરાત સરકારશ્રી તરફથી અને રાષ્ટ્રીય બીમા યોજના અંતર્ગત પણ નિશ્ચિત રકમ મળે છે. આ સૌ સહભાગીઓનો અત્રે નમ્રતાપૂર્વક ઋણસ્વીકાર કરીએ છીએ.

ઉપરોક્ત દાતાઓ ઉપરાંત પણ અન્ય અનેક દાતાઓનો નિયમિત સહયોગ મળતો રહ્યો છે. જેમનો ઉલ્લેખ થઇ શક્યો નથી, એવા અનેક નામી-અનામી દાતાઓનો પણ અંતઃકરણપૂર્વક ઋણસ્વીકાર કરીએ છીએ.

## વિતેલા વર્ષ પર નજર

૨૦૨૦-૨૧નું વર્ષ વૈશ્વિક મહામારીનું રહ્યું. માર્ચના છેલ્લા અઠવાડિયે સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર થતાં જ કામગીરી પર અસર વર્તાવા લાગી. તેથી નક્કી કરેલા કેમ્પ રદ કર્યા. ઓપરેશનો ઘટી ગયા અને સ્થાનિક ઓપીડી પણ દૈનિક ૧૦-૨૦ પર પહોંચી ગઇ. આ અસર ઠેઠ ૧૧મી મે સુધી જણાઇ. ૧૧મી મે પછી ફરીથી ૩૦થી વધુ ઓપીડી થવા લાગી.

આ દરમિયાન કોવિડ-૧૯ ની મહામારી વચ્ચે સાવચેતીપૂર્વકના પગલાં લેવા માટે જુદી જુદી ગાઇડલાઇનોનો અભ્યાસ કર્યો. તેને અમલમાં મૂકવા જરૂરી ફેરફાર કર્યા તથા દરેક કેટેગરીના સ્ટાફને તાલીમ આપી. વિઝન સેન્ટર અને સેટેલાઇટ સેન્ટરના સ્ટાફને ઓનલાઇન તાલીમ આપી.

મેઈન્ટેનન્સ વિભાગમાંથી શ્રી અશોકભાઇ પરમારે ડૉ. ઉદયભાઇના માર્ગદર્શન હેઠળ ''નો ટચ સેનીટાઇઝર ડીસ્પેન્સર'' બનાવ્યું; સ્લીટલેમ્પ અને ઇન્ડાયરેક્ટ ઓપ્થેલ્મોસ્કોપ પર બ્રેથ શીલ્ડ લગાડ્યા. ટ્રેનીંગ સેન્ટરના મકાનમાં સ્પ્રીન્કલર સીસ્ટમ લગાડેલી તેને હોસ્પિટલના પ્રવેશદ્વાર પાસે ગોઠવીને સેનીટાઇઝર સ્પ્રીન્કલર તરીકે ઉપયોગમાં લીધું. આ ઉપરાંત મેઇન્ટેનન્સ ડીપાર્ટમેન્ટ દ્વારા ઉડી ગયેલા એલ.ઇ.ડી. બલ્બને પણ રીપેર કરી ઉપયોગમાં લીધા. આ રીતે ઘણો ખર્ચ બચાવી શક્યા (લગભગ પચાસ હજાર રૂપિયા). આ ઉપરાંત ઓએચપી શીટનો ઉપયોગ કરીને ફેસશીલ્ડ બનાવ્યા તથા લીનન માસ્ક બનાવીને સ્ટાફને વહેંચ્યા તથા હોસ્પિટલમાં આવતા દર્દીઓને રૂા.૧૫/નંગ પ્રમાણે વેચ્યા.

આ દરમિયાન વ્યારા સેટેલાઇટ સેન્ટરને સરકારશ્રીને સુપ્રત કરીને ત્યાં રોજીંદી ઓપીડી તપાસ કરવાની કાર્યવાહી થઇ. માંડવીની હોસ્પિટલને પણ જરૂર મુજબ કોવિડ હોસ્પિટલ તરીકે વાપરવાની સરકારશ્રીને રજૂઆત કરી અને વેન્ટીલેટર વાપરવાની પણ ઓફર કરી.

સુરત માનવ સેવા સંઘ દ્વારા લોકડાઉન દરમિયાન દરરોજ હજારોની સંખ્યામાં પિડીત-જરૂરિયાતમંદ લોકો માટે ભોજનની વ્યવસ્થા પુરી પડાઇ. લગભગ ૫૫ લાખ જેટલી ભોજન ડીશની વ્યવસ્થા થઇ. આમાં દિવ્યજ્યોતિ ટ્રસ્ટ દ્વારા કાચી ભોજનસામગ્રી અને ભોજનથાળની વહેચણીમાં અર્ટીગા ગાડી અને ડ્રાઇવર અવિરત ફાળવવામાં આવ્યા.

વિઝન સેન્ટર્સ ૨૪મી માર્ચથી બંધ થયા હતા, તે ફરીથી ૫મી મેથી કાર્યરત થયા અને બેઝ હોસ્પિટલ પર ઓપરેશન અને સ્પેશ્યાલીટી ક્લીનીકની કામગીરી ૧૧મી મે પછી શરૂ થઇ.

કામગીરી ખૂબ ધીમી થવાથી ઘણાં સમય મળ્યો જેનો ઉપયોગ જુદી જુદી જર્નલો માટે આર્ટીકલ્સ તૈયાર કરવામાં કર્યો. ક્વોલીટી એક્રેડીટેશન ઇન્સ્ટીટ્યૂટ ઓફ ઇન્ડિયા દ્વારા ઓર્બીસ ઈન્ટરનેશનલ (Orbis International)ના સુચનથી કોવિડ-૧૯ પછી આંખની હોસ્પિટલોએ કઇ રીતે કામ કરવું તેની ગાઇડલાઇન તૈયાર કરવાની ટીમના સભ્ય તરીકે ડૉ. ઉદયભાઇએ તેના પર કાર્ય કર્યું, તથા ઘણા બધા વેબીનારમાં ભાગ લઇને ગાઇડલાઇનોનો અભ્યાસ પણ કર્યો.

મે મહિનામાં જણાયું, કે એપ્રિલ-૨૦૨૦ ની આવક નહિંવત થઇ અને મે-૨૦૨૦ માં પણ બહુ આવક નથી, તેથી નિયમિત દાતાઓને એક ડોનેશન અપીલ તૈયાર કરીને વ્હોટ્સએપ મેસેજથી મોકલી અને આવી કપરી પરિસ્થિતિમાં પણ દાતાઓએ અમારી ઝોળી છલકાવી દીધી!! દાતાઓનો આભાર માનવા માટે શબ્દો ખૂટી જશે. અમે જે કઇ કરી શક્યા અને કોરોનાકાળમાં પણ ટકી ગયા, તે અમારા ઉદાર દાતાઓને આભારી છે.

મે ના અંતે એથીક્સ કમિટીની રીન્યુઅલ માટે અરજી આપી અને ૬ જૂન એથીક્સ કમિટીના સભ્યોની ઓનલાઇન ટ્રેનીંગ CT Quest દ્વારા નિઃશુલ્ક કરવામાં આવી. એક આયુર્વેદીક દવાના રીસર્ચ પ્રોજેક્ટની મંજૂરી ઓગષ્ટમાં મળી. ત્યારબાદ ઝામરની દવા 'બ્રીન્ઝોલામાઇડ' ના ટ્રાયલની મંજૂરી મળી ગઇ. ત્યાર પછી દર મહિને મીટીંગનું આયોજન ઓનલાઇન કરવામાં આવ્યું.

જૂન મહિનામાં બચત મંડળીના સભ્યોની વાર્ષિક સાધારણ સભાનું આયોજન કર્યું.

૧૫મી ઓગષ્ટે મંત્રીશ્રી નલીનભાઇ શાહના હસ્તે ધ્વજવંદન કર્યુ. જુલાઈ-ઓગષ્ટ દરમિયાન નાના-નાના જૂથ બનાવીને સ્ટાફની તાલીમ કરવામાં આવી.

ઈરમાના પ્રોફેસર શ્રી હિતેશભાઇ ભટ્ટ દ્વારા કોરગ્રુપના સભ્યોની ''ઓર્ગેનાઈઝેશન ડેવલપમેન્ટ'' માટેની તાલીમ ૧૭-૯-૨૦૨૦ થી શરૂ થઇ. માર્ચ અંત સુધીમાં લગભગ ૫-૬ સેશન થઇ ગયા. આ તાલીમ સેકન્ડ કેડર તૈયાર કરવામાં ઉપયોગી નીવડશે. અમને મદદરૂપ થવા બદલ પ્રો. ભટ્ટ સાહેબના ખુબ ખુબ આભારી છીએ. (આ તાલીમ પ્રો. ભટ્ટ સાહેબ નિ:શુલ્ક આપે છે)

૧૬મી સપ્ટેમ્બરે ટેકનીકલ એડવાઇઝરી કમિટીની મિટીંગ થઇ અને બીજી મિટીંગ ૭મી જાન્યુઆરીએ કરી. ઓક્ટોબરની શરૂઆતમાં બધા સ્ટાફનો કોવિડ માટે રેપીડ ટેસ્ટ કરવામાં આવ્યો. કોરોના મહામારી દરમિયાન ૮-૧૦ સ્ટાફ કોરોનાનો શિકાર થયા હતા પરંતુ સૌ સાજા થઇ ફરી હાજર થઇ ગયા છે.

ઓક્ટોબર માસમાં અમલસાડી કેમ્પસની જમીનના દસ્તાવેજ થઇ ગયા. જમીન સંસ્થાના નામે થઇ ગઇ, તેથી અમલસાડી મુકામે નવો પ્રોજેક્ટ શરૂ કરવા બ્રોશરો તૈયાર કર્યા, કામ કરાવવા માટે ટેન્ડર બહાર પાડ્યા અને તા.૧૭મી જાન્યુઆરીના રોજ મર્યાદિત મહેમાનો-દાતા, શુભેચ્છકોની હાજરીમાં કોવિડ ગાઇડલાઇન મુજબ સોશ્યલ ડીસ્ટન્સીંગ જાળવીને બાંધકામનું ખાતમૂહુર્ત કર્યું તથા ૩૧મી જાન્યુઆરીથી બાંધકામ શરૂ કર્યું. અમલસાડી પ્રોજેક્ટના પ્રચાર માટે જાણીતા કલાકાર પ્રતીક ગાંધી આપણા બ્રાન્ડ એમ્બેસેડર બન્યા છે.

૧૧મી નવેમ્બરે મિશન ફોર વિઝનના સ્થાપકો સાથે મિટીંગ કરી. આ મિટીંગનો હેતુ સંસ્થાની પ્રવૃત્તિઓથી મિશન ફોર વિઝન સંસ્થાના સ્થાપકને માહિતગાર કરવાનો હતો.

ઓર્બીસ/ક્વોલીટી એન્ડ એક્રેડીટેશન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઇન્ડિયા દ્વારા સ્પોન્સર્ડ, જે ગાઇડલાઇન લખવાનું જુલાઇમાં શરૂ કર્યુ હતું, તે નવેમ્બરમાં લોન્ચ કરવામાં આવી. જે આપણા માટે ગર્વનો વિષય છે. નવેમ્બર માસ દરમિયાન આપણી વેબસાઇટ અપગ્રેડ કરવામાં આવી.

કોરોના મહામારીમાં સ્ટાફને કોવિશીલ્ડ રસી લેવા માટે પ્રોત્સાહિત કર્યા અને જાન્યુઆરીમાં પ્રથમ અને ફેબ્રુઆરીમાં બીજો ડોઝ અપાવ્યો. કુલ ૧૦૯ લોકોએ આ રસી લીધી.

વર્ષ દરમિયાન દર્દીઓના અભાવે વિઝીટીંગ કન્સલ્ટન્ટ દ્વારા ઓપીડી તપાસ અને શોર્ટ ટર્મ ટ્રેનીંગની પ્રવૃત્તિ બંધ હતી. પરંતુ માર્ચ-૨૦૨૧ થી આ બન્ને પ્રવૃત્તિ ફરીથી શરૂ કરી.

માર્ચના અંતે એથીક્સ કમિટીની ત્રીજી મિટીંગ કરી.

## હોસ્પિટલ

અગાઉ જણાવ્યું તેમ માર્ચના છેલ્લા અઠવાડિયાથી કામગીરી તદ્દન ઓછી થઈ ગઈ હતી. જે ૧૧મી મે પછી ધીમે ધીમે વધી. આ સમયગાળા દરમિયાન માત્ર ઈમરજન્સી સર્જરી જ કરવામાં આવી. જે લગભગ ૧૫ જેટલી થઈ.

૧૧મી મે થી કામ શરૂ થયું અને મે માસના અંતે૧૪૫૦ દર્દીની ઓપીડી અને ૧૦૬ ઓટી પ્રોસીજર કરી. કુલ ૧૭૮ સર્જરી થઈ. જો કે આ ગાળા દરમિયાન રેટીના-કોર્નીયા અને ગ્લુકોમા ક્લીનીકમાં દર્દીઓની સંખ્યા નોંધપાત્ર હતી.

આ વર્ષે ૧૦૦ વર્ષના દાદીની બન્ને આંખનું મોતિયાનું ઓપરેશન કર્યુ અને તેમને દૃષ્ટિ અપાવી શક્યા. આવું જ પડકારજનક ઓપરેશન ૮ મહિનાના બાળકનું કર્યું, જેમાં આંખ સુજી ગઈ હતી, તેને એન્ટીબાયોટીક્સ આપ્યા. ૧૫ દિવસ રાહ જોઈ પરંતુ કુપોષિત બાળક [illegible] ની દૃષ્ટિ બચાવી ના શકાઈ !!

કોરોના સમયમગાળામાં સંજોગોવસાત્ એકસાથે અમારા પાંચ ડૉક્ટર્સ સંક્રમિત થયા હતા. પરંતુ સૌ હોમ ક્વોરન્ટાઈન રહીને સૌ સારા થઈ ગયા.

૨૦ જુલાઈ બાદ માંડવીમાં પણ કોરોનાના કેસ નોંધપાત્ર જણાતા તથા સુરતમાં પણ સંક્રમણની સ્થિતિ જોતા ફરીથી કામગીરી ઘટી ગઈ. જે દિવાળી બાદ ધીમે ધીમે ફરી શરૂ થઈ અને ૮મી માર્ચે મહત્તમ ૨૫૪ દર્દીની ઓપીડી તપાસ કરી અને ૫૮ ઓપરેશનો કર્યા.

હોસ્પિટલમાં કોમ્પ્રીહેન્સીવ ફેલો તરીકે જોડાયેલા ડૉ. યશ ઓઝા જૂનમાં છૂટા થયા બાદ કોરોનાને કારણે નવા ફેલો જોડાયા નહોતા પરંતુ જાન્યુઆરી-૨૦૨૧ થી ડૉ. ઝલક શાહ કોમ્પ્રીહેન્સીવ ફેલો તરીકે જોડાયા.

### ટેબલ નં. ૧ - હોસ્પિટલ તથા આઉટરીચ પ્રવૃત્તિની ઓપીડીની આંકડાકીય માહિતી

| વર્ષ | નવા | | જુના | | બાળકો (નવા કેસ) | | બાળકો (જુના કેસ) | | આદિવાસી | બિન આદિવાસી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | | | |
| ૨૦૧૮-૧૯ | ૩૫૩૭૪ | ૩૨૯૯૫ | ૧૧૩૪૪ | ૮૯૭૫ | ૨૪૭૫ | ૨૫૦૬ | ૧૩૩૯ | ૮૬૨ | ૬૩૨૧૧ | ૩૨૬૪૯ | ૯૫૮૭૦ |
| ૨૦૧૯-૨૦ | ૩૧૯૧૮ | ૨૯૮૧૫ | ૧૦૪૮૫ | ૮૮૧૫ | ૨૨૫૨ | ૨૩૭૭ | ૧૨૪૬ | ૮૩૫ | ૫૮૪૭૮ | ૨૯૨૬૫ | ૮૭૭૪૩ |
| *૨૦૨૦-૨૧ | ૯૨૮૧ | ૭૮૩૪ | ૭૨૩૯ | ૫૪૦૦ | ૮૨૯ | ૭૧૧ | ૭૪૪ | ૩૯૦ | ૧૮૩૮૫ | ૧૪૦૪૩ | ૩૨૪૨૮ |

* કેમ્પની પ્રવૃત્તિ બંધ હોવાને કારણે ૨૦૨૦-૨૧ ની કામગીરી નોંધપાત્ર રીતે ઘટી ગઈ છે.






## ટેબલ નં. ૨ : ડાયાબિટીક રેટીનોપથી સ્ક્રીનીંગ રીપોર્ટ (રેટીના ક્લીનીક) વર્ષ ૨૦૨૦-૨૦૨૧

| મહિનો | ડાયાબિટીક દર્દીની તપાસ | ડાયાબિટીક રેટીનોપથી ગ્રેડ | સારવાર આપેલ દર્દી | | | |
|---|---|---|---|---|---|---|
| | | | એવાસ્ટીન ઈંજેક્શન | લેસર | વિટ્રેકટોમી | ફંડસ ફોટો |
| એપ્રિલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મે | ૪૯ | ૨૫ | ૭ | ૭ | ૨ | ૨ |
| જૂન | ૧૦૫ | ૬૩ | ૧૭ | ૧૨ | ૧ | ૧ |
| જુલાઈ | ૬૭ | ૪૨ | ૧૧ | ૭ | ૦ | ૦ |
| ઓગષ્ટ | ૮૩ | ૫૭ | ૧૪ | ૯ | ૧ | ૨ |
| સપ્ટેમ્બર | ૯૬ | ૬૪ | ૧૮ | ૧૪ | ૧ | ૪ |
| ઓક્ટોબર | ૧૪૯ | ૧૦૧ | ૧૯ | ૩૧ | ૩ | ૯ |
| નવેમ્બર | ૧૩૯ | ૯૧ | ૧૮ | ૧૯ | ૨ | ૩ |
| ડીસેમ્બર | ૧૭૮ | ૧૧૧ | ૨૩ | ૧૩ | ૨ | ૭ |
| જાન્યુઆરી | ૧૪૪ | ૯૪ | ૧૫ | ૨૨ | ૧ | ૫ |
| ફેબ્રુઆરી | ૧૬૯ | ૧૨૮ | ૨૮ | ૧૪ | ૫ | ૩ |
| માર્ચ | ૧૮૩ | ૧૨૪ | ૧૭ | ૬ | ૬ | ૦ |
| કુલ | ૧૩૬૨ | ૯૦૦ | ૧૮૭ | ૧૫૪ | ૨૪ | ૩૬ |

## ટેબલ નં. ૩ : ડાયાબિટીક રેટીનોપથી સ્ક્રીનીંગ રીપોર્ટ (બેઝ હોસ્પિટલ) વર્ષ ૨૦૨૦-૨૦૨૧

| મહિનો | RBS | RBS પોઝીટીવ | ફંડસ ફોટો | રીફર | એવાસ્ટીન ઈંજેક્શન | લેસર | વિટ્રેકટોમી |
|---|---|---|---|---|---|---|---|
| એપ્રિલ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મે | ૧૪૩ | ૨૧ | ૨૧ | ૧૪ | ૨ | ૭ | ૨ |
| જૂન | ૭૫૩ | ૧૫૭ | ૧૫૭ | ૬૨ | ૫ | ૪ | ૦ |
| જુલાઈ | ૧૦૨૩ | ૬૫ | ૬૫ | ૪૭ | ૧ | ૦ | ૦ |
| ઓગષ્ટ | ૪૮૫ | ૨૩ | ૨૩ | ૧૪ | ૩ | ૪ | ૦ |
| સપ્ટેમ્બર | ૩૫૫ | ૫૩ | ૫૩ | ૩૧ | ૨ | ૦ | ૦ |
| ઓક્ટોબર | ૪૧૮ | ૬૫ | ૬૫ | ૪૭ | ૪ | ૬ | ૧ |
| નવેમ્બર | ૪૨૬ | ૬૫ | ૬૫ | ૪૬ | ૨ | ૪ | ૦ |
| ડીસેમ્બર | ૫૯૧ | ૬૫ | ૬૫ | ૫૦ | ૬ | ૪ | ૦ |
| જાન્યુઆરી | ૬૫૨ | ૮૬ | ૮૬ | ૫૭ | ૭ | ૧૦ | ૦ |
| ફેબ્રુઆરી | ૭૬૭ | ૩૬ | ૩૬ | ૨૨ | ૭ | ૩ | ૨ |
| માર્ચ | ૭૬૫ | ૧૦૯ | ૧૦૯ | ૮૦ | ૪ | ૩ | ૧ |
| કુલ | ૬૩૯૦ | ૭૪૫ | ૭૪૫ | ૪૭૦ | ૪૩ | ૪૫ | ૬ |

## ટેબલ નં. ૪ : સેટેલાઈટ સેન્ટર / વિઝન સેન્ટરની કામગીરીની માહિતી

| સેટેલાઈટ સેન્ટર | કુલ ઓપીડી | રીફ્રેક્શન | ઓપરેશનની સલાહ આપેલ દર્દી | તૈયાર ચશ્મા | ચશ્માના ઓર્ડર | > દવાનું વેચાણ | માંડવી રીફર કર્યા | ઓપરેશન | ટેલીમેડીસીનની દર્દી બતાવ્યા | ગોગલ્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વ્યારા* | ૩૭૫૪ | ૧૧૧૭ | ૫૬૨ | ૨૬૭ | ૪૫૪ | ૧૬૯૮ | ૪૬૯ | ૩૨૫ | ૧૧૭૬ | ૧૫ |
| નેત્રંગ | ૫૨૧૭ | ૧૩૦૪ | ૩૬૫ | ૫૨૯ | ૬૨૧ | ૨૯૨૯ | ૨૮૨ | ૫૨૯ | ૯૭૧ | ૨૬ |
| ઝંખવાવ | ૧૫૪૧ | ૬૬૬ | ૨૧૪ | ૧૧૭ | ૧૫૯ | ૪૦૫ | ૨૦૧ | ૧૦૪ | ૬૩૪ | ૧૯ |
| ડેડીયાપાડા | ૧૫૪૪ | ૯૩૨ | ૧૯૨ | ૩૫૦ | ૩૮૯ | ૨૪૭ | ૧૧૭ | ૧૫૩ | ૬૩૧ | ૫૭ |
| ઉમરપાડા | ૧૧૦૧ | ૫૯૧ | ૨૪૪ | ૩૧૯ | ૧૯૬ | ૩૯૦ | ૬૫ | ૧૧૫ | ૬૮૧ | ૨૫ |
| સાગબારા | ૧૫૪૯ | ૧૦૨૮ | ૨૨૯ | ૨૩૨ | ૫૦૭ | ૪૦૪ | ૯૭ | ૧૬૨ | ૪૪૮ | ૬૯ |
| ઉચ્છલ | ૧૫૯૨ | ૩૯૦ | ૬૩૯ | ૧૭ | ૩૫૨ | ૧૬૦ | ૬૪૫ | ૨૯૫ | ૧૩૮૯ | ૦૪ |
| બારડોલી | ૧૧૪૩ | ૭૨૧ | ૪૭ | ૨૨૫ | ૧૭૫ | ૧૪૦ | ૫૬ | ૦૯ | ૮૦૭ | ૧૩ |
| ખાપર | ૨૩૪૪ | ૧૨૭૨ | ૩૨૯ | ૩૫૧ | ૫૧૮ | ૬૨૧ | ૧૫૭ | ૧૩૭ | ૯૨૬ | ૭૦ |
| કોસંબા | ૧૩૧૩ | ૬૫૧ | ૧૬૪ | ૧૩૧ | ૧૯૫ | ૨૮૧ | ૧૪૫ | ૬૩ | ૮૧૪ | ૧૫ |
| કીમ | ૧૨૭૭ | ૪૫૨ | ૨૨૭ | ૧૨૧ | ૧૮૦ | ૩૪૬ | ૯૩ | ૭૫ | ૮૮૩ | ૦૨ |
| કુલ | ૨૨૩૭૫ | ૯૧૨૪ | ૩૨૧૨ | ૨૬૫૯ | ૩૬૪૬ | ૭૬૨૧ | ૨૩૨૭ | ૧૯૬૭ | ૯૩૬૦ | ૩૧૫ |

* વ્યારા સેટેલાઈટ સેન્ટરને ગુજરાત સરકારશ્રીને કોવિડ હોસ્પિટલ તરીકે કામગીરી કરવા સોંપ્યું હોવાથી કામગીરી નોંધપાત્ર રીતે ઘટી છે.
> આઈડ્રોપ્સની બોટલ (નંગમાં)

## ટેબલ નં. ૫ : વર્ષ દરમિયાન લેબોરેટરી દ્વારા ઓ.ટી. 'કલ્ચર' અને અન્ય તપાસની માહિતી

| વિગત | વર્ષ દરમિયાન થયેલ 'કલ્ચર'ની આંકડાકીય વિગત |
|---|---|
| માંડવી આંખની હોસ્પિટલનું ઓપરેશન થીયેટર | ૦૯ |
| નેત્રંગ સેટેલાઇટ સેન્ટરનું ઓપરેશન થીયેટર | ૦૯ |
| ઝંખવાવ સેટેલાઇટ સેન્ટરનું ઓપરેશન થીયેટર | - |
| એવાસ્ટીન ઈંજેકશન | ૪૫ |
| બાયોલોજીકલ ઈંડીકેટર | ૧૩ |
| આર.એલ. બોટલ | - |
| ઓટી સ્ક્રબ એરીયા (માંડવી) પાણીનુ | ૦૬ |
| ઓટી ઈન્સ્ટ્રુમેન્ટ વોશીંગ એરીયા (માંડવી) પાણીનુ | - |
| ઓટી સ્ટાફ નેઈલ/નેઝલ સ્વોબ | - |
| કોન્ટાસોલ ઈંજેકશન | - |
| વરસાદી પાણીના સંગ્રહનું કલ્ચર | - |
| આઈબેંક લેમીનાર ફ્લો | ૧૦ |
| માઈક્રોબાયોલોજી લેબ લેમીનાર ફ્લો | ૦૮ |
| ઓટી લેમીનાર ફ્લો (માંડવી) | - |
| વ્યારા ઓટી સ્ક્રબ એરીયા પાણીનુ | ૦૨ |
| લેમીનાર ફ્લો (નેત્રંગ) | - |
| ઓટી સ્ટાફ નેઈલ/નેઝલ સ્વોબ (નેત્રંગ) | ૦૧ |
| બાયોલોજીકલ ઈન્ડીકેટર (નેત્રંગ) | - |
| ઓટી ઈન્સ્ટ્રુમેન્ટ વોશીંગ એરીયા (નેત્રંગ) પાણીનુ | ૦૧ |

| લેબોરેટરીમાં થયેલ તપાસની માહિતી | લેબોરેટરીમાં થયેલ તપાસની આંકડાકીય વિગત |
|---|---|
| હીમોગ્લોબીન | ૬૧ |
| ઈ.એસ.આર. | ૩૦૩ |
| સી.બી.સી. | ૫૩૬ |
| બી.ટી. એન્ડ સી.ટી. | ૫૪ |
| વી.ડી.આર.એલ. | ૨૨૫ |
| એમ.ટી. | ૧૨૭ |
| લીપીડ પ્રોફાઈલ | ૯૭ |
| આર.એ. ફેક્ટર | ૮૩ |
| બ્લડ યુરીયા | ૮૫ |
| સીરમ કોલેસ્ટેરોલ | ૦૭ |
| સીરમ ક્રીએટીનાઈન | ૧૧૩ |
| યુરીન સુગર | ૪૪૭૭ |
| આર.બી.એસ. | ૪૪૯૩ |
| એચ.આઈ.વી. | ૩૩૯ |
| એચ.બી.એસ.એ.જી. | ૩૩૫ |
| એચ.બી.એ.વન.સી. | ૫૬૦ |
| કલ્ચર | ૧૩૧ |
| બાયોપ્સી | ૧૩ |
| ગ્રામ સ્ટેઈન | ૨૫૩ |
| ફાસ્ટીંગ બ્લડ સુગર | ૪૬૩ |
| જમ્યા પછીનું સુગર | ૧૦૯ |
| અન્ય તપાસ | ૨૪૫ |
| ઈ.સી.જી. | ૧૫૨૨ |

## સ્પેશ્યાલીટી ક્લિનીક

કોરોનાની શરૂઆત થતા માર્ચ-એપ્રિલ દરમિયાન દર્દીઓની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટી ગઈ પરંતુ રેટીના, કોર્નિયા અને ગ્લુકોમાના દર્દીઓની સંખ્યા જોતા ૧૧મી મે થી સ્પેશ્યાલીટી ક્લિનીક શરૂ કરી.

ઝામરના રોગોના નિષ્ણાંત; પડદાના રોગોના નિષ્ણાત અને કીકીના રોગોના નિષ્ણાત નિયમિત હાજર હોવાથી તેમજ પીડીયાટ્રીક ઓપ્થેલ્મોલોજીસ્ટ ઓગષ્ટથી હાજર થઇ ગયા હોવાથી આ ચારેય વિભાગમાં લોંગ ટર્મ ફેલોશીપ કરવા માટે (પડદાના રોગો માટે) રેટીના ફેલો તરીકે ડૉ. કવિન શ્રોફ ૧લી ઓક્ટોબરથી; પીડીયાટ્રીક ફેલો તરીકે ડૉ. ઉમા શ્રોફ ૧૨મી ઓક્ટોબરથી; ગ્લોકોમા ફેલો તરીકે ડૉ. માનસી શાહ ૧લી જાન્યુઆરીથી; કોમ્પ્રીહેન્સીવ ફેલો તરીકે ડૉ. ઝલક શાહ જોડાયા.

સ્વામી વિવેકાનંદ રામકૃષ્ણ કેન્દ્ર, અંકલેશ્વરની વિનંતીને ધ્યાનમાં રાખીને દર મહિનાના પ્રથમ ગુરૂવારે ડાયાબિટીક રેટીનોપથીની તપાસ કરવા માટે જવાનું શરૂ કર્યું. મોદી ચિલ્ડ્રન હોસ્પીટલ ખાતે દર મહિનાના શુક્રવારે ROP સ્ક્રીનીંગ માટે જવાનું શરૂ કર્યું. સ્પેશ્યાલીટી કામની આંકડાકીય માહિતી ટેબલ નં.૬ માં આપી છે.

### ટેબલ નં. ૬ - સ્પેશ્યાલીટી કામની આંકડાકીય માહિતી

| સ્પેશ્યાલીટી | ઓપીડી | | | સર્જરી | | |
|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ |
| પડદાની તપાસ | ૮૫૮૨ | ૭૫૯૩ | ૫૧૯૮ | ૧૮૧૧ | ૧૩૭૫ | ૯૫૩ |
| ઝામરની તપાસ | ૨૬૯૯ | ૨૯૪૩ | ૧૭૩૪ | ૧૧૪ | ૮૫ | ૬૭ |
| કીકીના રોગોની તપાસ | ૪૫૭૭ | ૪૯૪૦ | ૩૮૪૪ | ૧૮૧ | ૨૦૮ | ૧૪૩ |
| આંખની પ્લાસ્ટીક સર્જરી | ૭૫૮ | ૭૬૮ | ૮૫ | ૨૭૦ | ૨૩૧ | ૧૦૦ |
| બાળકોની આંખ તપાસ | ૭૧૭૪ | ૬૭૮૪ | ૨૬૭૫ | ૨૮૩ | ૨૭૩ | ૧૯૩ |
| ન્યુરો ઓપ્થેલ્મોલોજી | ૨૦૭ | ૨૩૭ | ૧૩ | ૦ | ૦ | ૦ |
| લો વિઝન | ૩૭ | ૨૮ | ૧૬ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૨૪૦૩૪ | ૨૩૩૩૩ | ૧૩૫૬૫ | ૨૬૫૯ | ૨૧૭૨ | ૧૪૫૬ |






## ટેબલ નં. ૭ : ભૌગોલિક વિસ્તાર પ્રમાણે કુલ કામગીરી (વર્ષ ૨૦૨૦-૨૧)

| રાજ્ય/જિલ્લો | નવા | | જુના | | કુલ | | દાખલ દર્દી | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુજરાત | ૨૦૧૯/૨૦ | ૨૦૨૦/૨૧ | ૨૦૧૯/૨૦ | ૨૦૨૦/૨૧ | ૨૦૧૯/૨૦ | ૨૦૨૦/૨૧ | ૨૦૧૯/૨૦ | ૨૦૨૦/૨૧ |
| સુરત | ૩૦૬૫૭ | ૧૦૪૬૬ | ૧૨૫૦૭ | ૭૭૨૪ | ૪૩૧૬૪ | ૧૮૧૯૦ | ૩૭૨૧ | ૨૧૬૦ |
| તાપી | ૧૮૬૦૧ | ૩૬૪૩ | ૪૦૧૦ | ૨૭૦૫ | ૨૨૬૧૧ | ૬૩૪૮ | ૨૫૫૬ | ૧૪૦૧ |
| ભરૂચ | ૨૯૦૬ | ૧૨૬૨ | ૧૯૬૬ | ૧૩૩૫ | ૪૮૭૨ | ૨૫૯૭ | ૫૮૪ | ૪૨૯ |
| નર્મદા | ૪૯૧૨ | ૧૨૭૪ | ૧૩૦૦ | ૮૯૩ | ૬૨૧૨ | ૨૧૬૭ | ૯૩૭ | ૫૧૮ |
| નવસારી | ૮૦૯ | ૧૧૪ | ૩૧૨ | ૧૨૯ | ૧૧૨૧ | ૨૪૩ | ૧૫૨ | ૪૫ |
| વલસાડ | ૩૦૧ | ૫૭ | ૧૬૬ | ૬૭ | ૪૬૭ | ૧૨૪ | ૮૬ | ૪૩ |
| અન્ય | ૨૬૩૨ | ૫૦૯ | ૧૮૪ | ૧૫૩ | ૨૮૧૬ | ૬૬૨ | ૬૩૭ | ૩૪૨ |
| મહારાષ્ટ્ર/નંદુરબાર | ૫૫૪૪ | - | ૯૩૬ | - | ૬૪૮૦ | - | ૧૧૧૯ | - |
| કુલ | ૬૬૩૬૨ | ૧૭૩૨૫ | ૨૧૩૮૧ | ૧૩૦૦૬ | ૮૭૭૪૩ | ૩૦૩૩૧ | ૯૭૯૨ | ૪૯૩૮ |
| વ્યારા | ૬૫૪૦ | ૨૭૯૪ | ૨૯૫૬ | ૯૬૦ | ૯૪૯૬ | ૩૭૫૪ | ૭૨૭ | ૩૨૫ |
| નેત્રંગ | ૭૦૬૪ | ૩૫૨૫ | ૨૬૫૮ | ૧૬૯૨ | ૯૬૯૨ | ૫૨૧૭ | ૫૭૭ | ૪૩૨ |
| ઝંખવાવ | ૨૩૬૪ | ૧૩૫૩ | ૩૬૬ | ૧૮૮ | ૨૭૩૦ | ૧૫૪૧ | ૫૩ | ૧૮૫ |
| સાગબારા | ૨૩૭૧ | ૧૩૧૮ | ૧૨૯ | ૨૩૧ | ૨૫૦૦ | ૧૫૪૯ | ૨૧૦ | ૪૯૮ |
| ડેડીયાપાડા | ૨૩૨૫ | ૧૧૭૬ | ૧૬૭ | ૩૬૮ | ૨૪૯૨ | ૧૫૪૪ | ૧૭૮ | ૧૫૩ |
| બારડોલી | ૧૪૫૨ | ૮૯૯ | ૨૫૯ | ૨૪૪ | ૧૭૧૧ | ૧૧૪૩ | ૦ | ૦૯ |
| ઉચ્છલ | ૩૮૨૭ | ૧૫૨૭ | ૧૪૯ | ૬૫ | ૩૯૭૬ | ૧૫૯૨ | ૭૫૨ | ૫૦૩ |
| ઉમરપાડા | ૧૪૩૧ | ૮૩૩ | ૩૪૯ | ૨૬૮ | ૧૭૮૦ | ૧૧૦૧ | ૬૯ | ૧૧૫ |
| ખાપર | ૨૪૮૩ | ૧૭૩૫ | ૭૩૩ | ૬૦૯ | ૩૨૧૬ | ૨૩૪૪ | ૩૮૬ | ૨૭૪ |
| કીમ | ૨૦૦૫ | ૧૦૫૬ | ૫૮૦ | ૨૨૧ | ૨૫૮૫ | ૧૨૭૭ | ૧૦૨ | ૧૪૯ |
| કોસંબા | ૧૬૯૧ | ૯૬૯ | ૫૦૦ | ૩૪૪ | ૨૧૯૧ | ૧૩૧૩ | ૮૨ | ૧૧૩ |
| કુલ | ૩૩૩૫૩ | ૧૭૧૮૫ | ૮૮૧૬ | ૫૧૯૦ | ૪૨૩૬૯ | ૨૨૩૭૫ | ૩૧૩૬ | ૨૭૫૬ |
| | ૯૯૯૧૫ | ૩૪૫૧૦ | ૩૦૧૯૭ | ૧૮૧૯૬ | ૧૩૦૧૧૨ | ૫૨૭૦૬ | ૧૨૯૨૮ | ૭૬૯૪ |

### શિવાજીભાઈ દેખતા થયા!!

ખાપર, મહારાષ્ટ્રના વતની શિવાજીભાઈ સઈદાના બે પુત્રો પૈકી, નાના પુત્ર સાથે રહે છે, જે રેડીમેડ કપડાની લારી ચલાવે છે.

શિવાજીભાઈનું ૨ મહિના અગાઉ જમણી આંખનું ઓપરેશન માંડવી આંખની હોસ્પિટલમાં કર્યું હતું અને ત્યારબાદ ડાબી આંખમાં પણ દેખાતું ઓછું થઈ ગયું. ખાપર વિઝન સેન્ટર પર તેમને બતાવવા લઈ ગયા હતા.

કોવિડની પરિસ્થિતિમાં દરેક વિઝન સેન્ટર પર દર્દીઓને એકઠા કરીને બસમાં બેસાડી માંડવી લાવીને ઓપરેશન કરવામાં આવે છે, તે પ્રમાણે શિવાજીભાઈને પણ સંસ્થાના વાહન દ્વારા ખાપરથી માંડવી લાવીને ડાબી આંખનું ઓપરેશન કર્યું.

ઓપરેશન પછી ડાબી આંખમાં પણ દૃષ્ટિ મળી ગઈ છે. બન્ને આંખમાં દૃષ્ટિ મળતાં જ શિવાજીભાઈ અને તેમના પત્ની ખૂબ જ ખુશ થઈ ગયા.

શિવાજીભાઈની આર્થિક પરિસ્થિતિ જોતા તેમનું ઓપરેશન માફીમાં કર્યું.

## ટેબલ નં. ૮ : ઓપરેશન કામગીરી

| સર્જરીનું નામ | સ્થિતિપાત્ર દર્દીઓ | | અંશતઃ માફી | | સંપૂર્ણ માફી | | કુલ ઓપરેશન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૯/૨૦ | ૨૦૨૦/૨૧ | ૨૦૧૯/૨૦ | ૨૦૨૦/૨૧ | ૨૦૧૯/૨૦ | ૨૦૨૦/૨૧ | ૨૦૧૯/૨૦ | ૨૦૨૦/૨૧ |
| મોતિયો-ફેકો વડે નેત્રમણિ સહિત | ૬૯૪ | ૬૫૮ | ૨૭ | ૪૩ | ૧૬૧૮ | ૮૪૮ | ૨૩૪૧ | ૧૫૪૯ |
| મોતિયાનું ટાંકા વગર નેત્રમણિ સાથે | ૧૮૪ | ૧૬૦ | ૩૬૩ | ૪૯૪ | ૪૪૯૮ | ૨૦૬૫ | ૫૦૪૫ | ૨૭૧૯ |
| સાદો મોતિયો - નેત્રમણિ વિના | ૦૧ | ૦ | ૦૫ | ૦૬ | ૨૮ | ૧૪ | ૩૪ | ૨૦ |
| મોતિયો - ઝામર - નેત્રમણિ | ૦૫ | ૦૭ | ૦૧ | ૦૨ | ૪૪ | ૩૦ | ૫૦ | ૩૯ |
| મોતિયો - વેલ - નેત્રમણિ | ૦૯ | ૧૫ | ૦ | ૧૧ | ૨૮૧ | ૧૬૧ | ૨૯૦ | ૧૮૭ |
| ઝામરનું ઓપરેશન | ૧૭ | ૦૬ | ૦૩ | ૦૮ | ૧૩ | ૧૨ | ૩૩ | ૨૬ |
| કીકી બદલવાનું ઓપરેશન | ૩૮ | ૦૨ | ૧૬ | ૩૩ | ૧૫૪ | ૧૦૮ | ૨૦૮ | ૧૪૩ |
| એવાસ્ટીન ઈંજેકશન | ૩૫૨ | ૩૦૦ | ૩૭ | ૩૩ | ૧૪૬ | ૧૦૨ | ૫૩૫ | ૪૩૫ |
| વેલ | ૪૪ | ૦૪ | ૩૦ | ૭૯ | ૪૭૫ | ૨૦૪ | ૫૪૯ | ૨૮૭ |
| ખસી ગયેલ પડદાનું ઓપરેશન | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦૧ | ૦૧ | ૦૧ |
| વિટ્રેક્ટોમી | ૧૧ | ૧૮ | ૩૨ | ૪૪ | ૧૬૯ | ૧૨૪ | ૨૧૨ | ૧૮૬ |
| નાસુરનું ઓપરેશન | ૧૪ | ૦૧ | ૨૩ | ૧૦ | ૯૪ | ૨૦ | ૧૩૧ | ૩૧ |
| રેટીનલ ડીટેચમેન્ટ વિટ્રેક્ટોમી | ૦૬ | ૧૦ | ૧૧ | ૧૫ | ૪૧ | ૨૦ | ૫૮ | ૪૫ |
| મોતિયો-વિટ્રેક્ટોમી-નેત્રમણિ | ૦૬ | ૦૨ | ૧૪ | ૨૫ | ૨૦૮ | ૯૭ | ૨૨૩ | ૧૨૪ |
| પડદાની અન્ય સારવાર | ૧૮ | ૨૩ | ૦૩ | ૦૬ | ૪૭ | ૪૮ | ૬૮ | ૭૭ |
| આંખની પ્લાસ્ટિક સર્જરી | ૨૩ | ૧૫ | ૧૪ | ૧૩ | ૬૩ | ૪૨ | ૧૦૦ | ૭૦ |
| ત્રાંસી આંખ | ૧૨ | ૦૧ | ૦૫ | ૧૦ | ૧૯ | ૧૪ | ૩૬ | ૨૫ |
| અન્ય ઓપરેશન | ૫૦ | ૪૩ | ૪૮ | ૪૭ | ૩૭૩ | ૧૭૬ | ૪૭૧ | ૨૬૬ |
| ચેલેઝીયોન (આંજણી) | ૭૪ | ૫૦ | ૦૪ | ૦૪ | ૧૧ | ૦૨ | ૮૯ | ૫૬ |
| આંખમાંથી કચરૂ કાઢવાની પ્રક્રિયા | ૭૧૪ | ૬૫૯ | ૦૨ | ૦૨ | ૧૦ | ૦૫ | ૭૨૬ | ૬૬૬ |
| મોતિયા પછી થતી છારી કાઢવાનું લેસર | ૫૨૩ | ૩૨૫ | ૩૫ | ૨૧ | ૫૦૧ | ૧૩૫ | ૧૦૫૯ | ૪૮૧ |
| લેસર વડે પડદાની સારવાર | ૪૦૧ | ૧૮૯ | ૧૪ | ૧૦ | ૧૩૭ | ૭૯ | ૫૫૨ | ૨૭૮ |
| કુલ | ૩૧૯૮ | ૨૪૮૮ | ૬૮૮ | ૯૧૬ | ૮૯૩૦ | ૪૩૦૭ | ૧૨૮૧૬ | ૭૭૧૧ |

### રમીલાબેનને હળવાશ થઈ!!

૫૫ વર્ષના રમીલાબહેન તેમના પતિ સાથે આમોદ, તા. ઝઘડીયા માં રહે છે. તેમને ૧ દીકરી છે. તેઓ જ્યારે પતિ સાથે માંડવી બતાવવા આવ્યા, ત્યારે તેમની જમણી આંખ ખૂબ સુજીને ખુલી પણ ન શકે તેવી થઇ ગઇ હતી. જેમાં અસહ્ય દુઃખાવો હતો. દુઃખાવાને કારણે ઉલટી થતી હતી. એ આંખેથી દેખાતું પણ બંધ થઇ ગયું હતું. આ ફરિયાદ છેલ્લા બે-એક દિવસથી હતી, તેમ તેઓએ જણાવ્યું.

હોસ્પિટલમાં ડૉક્ટરે તરત તપાસ કરી અને દાખલ કરી અને ચેપનાશક દવાના ઈંજેકશન શરૂ કર્યા. જેનાથી તેમને દુઃખાવામાં ઘણી રાહત જણાઇ અને નજરમાં પણ થોડો સુધારે જણાયો. ત્યારબાદ તેમનો ચેપ મગજ સુધી નથી પ્રસર્યોને તે જાણવા સી.ટી. સ્કેન કરાવવાની સલાહ આપી. તેમાં જણાયું કે આ ચેપ મગજ સુધી નથી ફેલાયો, પરંતુ ઓર્બીટમાં જ હતો. આ ચેપને ઈંજેકશનથી કાઢવા પ્રયત્ન કર્યો, પરંતુ પરૂ જામી ગયું હોવાથી ઈંજેકશનથી નીકળ્યું નહીં. ડૉક્ટરે તેમને ચેકો મૂકીને આ ચેપ કાઢવાની વાત સમજાવી.

આ સમગ્ર કાર્યવાહી દરમિયાન તેમની સાથે ખર્ચની વાત કરી નહોતી.

રમીલાબહેન સમજાવટના અંતે આ નાનકડું ઓપરેશન કરાવવા તૈયાર થયા. તેમનું ઓપરેશન કરી ચેપ સાફ કર્યો અને લગભગ દસ દિવસ હોસ્પિટલમાં દાખલ રાખીને ડ્રેસીંગ કરવામાં આવ્યું. આ સારવારથી તેમની આંખ તદન સારી થઇ ગઇ અને દેખાતું પણ થઇ ગયું છે. ત્યારબાદ તેઓ બે વાર ફોલોઅપમાં પણ આવી ગયા. હવે તેમની બધી ફરિયાદ દૂર થઇ ગઇ છે અને તેઓ એક સામાન્ય જિંદગી જીવે છે.

રમીલાબહેનની સ્થિતિ સાધારણ હોવાથી આ સારવાર રાહતદરે કરવામાં આવી.

## આઈ બેંક

ચક્ષુદાન શ્રેષ્ઠ દાન છે. પરંતુ લોકોમાં આ અંગે યોગ્ય જાણકારી નથી અથવા કેટલીક ધાર્મિક માન્યતા કે ડરને કારણે લોકો હજુ ચક્ષુદાન માટે આગળ આવતા નથી. આ અંગે જાગૃતિ આણવા ચક્ષુદાન પર માહિતી આપતો વિડીયો તૈયાર કરાવ્યો. જેમાં અમારા સ્ટાફની જ અભિનય ક્ષમતાનો ઉપયોગ કર્યો છે.

દર વર્ષે ચક્ષુદાન પખવાડિયા નિમિત્તે સાઇકલ રેલી કે મોટરસાઇકલ રેલી અથવા શાળાના બાળકોની પગપાળા રેલી દ્વારા પોસ્ટર પ્રદર્શન કરીને ચક્ષુદાન અંગે જાગૃત્તિ આણવા પ્રયત્નો કરીએ છીએ. આ વર્ષે કોરોનાના કારણે રેલી કાઢી શકાઇ નહીં. પરંતુ લોકદૃષ્ટિ આઈ બેંકના દૃષ્ટિ રથને ધ્વજ ફરકાવીને શુભેચ્છા પાઠવી.

## દિવાળીબા ઓપ્ટોમેટ્રી કોલેજ

ઓપ્ટોમેટ્રી કૉલેજનું ૧લી સપ્ટેમ્બરે ઈન્સ્પેકશન થયું અને પાંચ વર્ષ માટે પરવાનગી મળી ગઇ.

લોકડાઉનને કારણે - વિદ્યાર્થીઓ ઘરે ગયા હોવાથી ભણતર ન બગડે તે માટે ૨૨મી એપ્રિલથી ઓનલાઈન ક્લાસીસ લીધાં. ઓગષ્ટ-સપ્ટેમ્બરમાં તેઓને પ્રેક્ટીકલ ટ્રેનીંગમાં મૂક્યા અને પ્રથમ તથા બીજા વર્ષના વિદ્યાર્થીઓની સપ્ટેમ્બરમાં પરીક્ષા લીધી.

ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓએ ઓગષ્ટમાં પરીક્ષા આપી અને હવે વિદ્યાર્થીઓ પાસ થઇ ગયા. બધા જ વિદ્યાર્થીઓને ઇન્ટર્નશીપ મળી ગઇ છે અને સ્ટાઇપેન્ડ પણ મળે છે. આ વિદ્યાર્થીઓની કામગીરી જોતાં સૌને જોબ ઓફર પણ તે જ સ્થળે મળી ગઇ છે. જે ખૂબ ગર્વની વાત છે. તથા બીજા વર્ષના વિદ્યાર્થીઓને પણ ઇન્ટર્નશીપ માટે જે તે કંપનીઓએ ઓફર આપી છે.

ચક્ષુદાન પખવાડિયાની ઉજવણી નિમિત્તે ઓપ્ટોમેટ્રીના વિદ્યાર્થીઓએ સૂત્રો લખવાની (તૈયાર કરવાની) તેમજ પોસ્ટરો પેઇન્ટ કરવાની હરિફાઈમાં ભાગ લીધો અને સરસ સૂત્રો તથા પોસ્ટરો તૈયાર કર્યા.

ઓપ્ટોમેટ્રી કૉલેજ વિશે જાણકારી આપતો વિડીયો તૈયાર કર્યો. બધા વિદ્યાર્થીઓની માર્ચના અંતે સેમેસ્ટર (સત્રાંત) પરીક્ષા લેવાઈ અને સૌ પાસ થઇ ગયા.

## તાલીમ અને શિક્ષણ

શરૂઆતથી જ સ્ટાફની ક્ષમતા અને કૌશલ્ય વિકસાવવા સતત તાલીમનો અભિગમ અપનાવ્યો છે. વર્ષ દરમિયાન દરેક કેટેગરીના સ્ટાફની જુદી જુદી તાલીમનું ઈનહાઉસ/ઓનલાઇન આયોજન કર્યુ; જેની વિગત નીચે મુજબ છે :

| ક્રમ | તાલીમ | સમયગાળો | તાલીમ લેનાર સ્ટાફ | તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ચશ્મા ફીટીંગની તાલીમ | ૧ મહિનો | શ્રી રમેશભાઇ વસાવા (નેત્રંગના ઓ.આ.) | ૧૫ જુલાઈ થી ૧૫ ઓગષ્ટ |
| ૨ | ચશ્મા ફીટીંગની તાલીમ | ૧ મહિનો | શ્રી મનદીપભાઇ સોનાર (ખાપરના ઓ.આ.) | ૩ સપ્ટે. થી ૪ ઓક્ટો. |
| ૩ | ઓર્ગેનાઇઝેશન ડેવલપમેન્ટ | દર મહિને એક કે બે વાર (ઓનલાઇન) | કોર ગ્રુપના સભ્યો | સપ્ટેમ્બર-૨૦૨૦ થી શરૂ |
| ૪ | ઈટીડીઆરએસ ચાર્ટનો ઉપયોગ કરવાની | બે કલાક | ડૉ. ઉમા શ્રોફ, શિવાની સૂચલ, અલ્પેશ મિસ્ત્રી, યતીન મિસ્ત્રી, જિજ્ઞેશ પટેલ, ચિરાગ ટેલર, જય હજારીવાલા, સુમિત્રા હળપતિ | ૨૬ ડીસેમ્બર-૨૦૨૦ |

## સતત શિક્ષણ

| | |
|---|---|
| ૨૫-૨૬ જુલાઈ-૨૦૨૦ અને ૯-૧૦ જાન્યુઆરી-૨૦૨૧ | નર્સીંગ સ્ટાફ |
| ૮-૯ ઓગષ્ટ-૨૦૨૦ અને ૩૦-૩૧ જાન્યુઆરી-૨૦૨૧ | ઓપ્થેલ્મીક આસિસ્ટન્ટ |

લોકડાઉનને કારણે ઘરે ગયેલા વિદ્યાર્થીઓ પૈકી ૫-૫ વિદ્યાર્થીઓને ઓક્ટોબરથી બોલાવવાનું શરૂ કર્યુ અને અધૂરી તાલીમ પુરી કરી. તાલીમ પુરી થતા જ નવેમ્બરમાં ૨ નર્સીંગ સ્ટુડન્ટસને બારડોલીની હોસ્પિટલમાં નોકરી મળી ગઈ અને માર્ચ-૨૧ સુધીમાં સુરત, વડોદરા અને બારડોલી એમ ત્રણ જુદા જુદા સ્થળોએ મળીને બધા વિદ્યાર્થીઓને જોબ મળી ગઈ છે અને સૌ જ્યાં કામ કરે છે ત્યાં સારી રીતે પોતાની જવાબદારી સંભાળે છે જેનો આનંદ, ગર્વ અને સંતોષ છે.

## બહારના સ્ટાફની તાલીમ

| ક્રમ | સમયગાળો | તાલીમ | તાલીમ લેનાર | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ફેબ્રુઆરી થી એપ્રિલ-૨૧ | મેડીકલ રેટીના ફેલોશીપ | ડૉ. વૈભવી નોટીસવાલા | સુરત |
| ૨ | માર્ચ-૨૦૨૧ | ફેકો ફેલોશીપ | ડૉ. કૃતિ પંચાલ | સુરત |

## વર્કશોપ અને કોન્ફરન્સ

કોવિડની પરિસ્થિતિમાં જુદા જુદા વર્કશોપ અને કોન્ફરન્સ ઓનલાઇન એટેન્ડ કર્યા. જેમાં મુખ્યત્વે ડૉ. ઉદયભાઇ રીસોર્સ પર્સન હતા.

| ક્રમ | તારીખ | વિષય | સહભાગી | સ્પોન્સર |
|---|---|---|---|---|
| ૧ | ૧૨-૬-૨૦ | હોસ્પીટલમાં કોવિડ-૧૯ બાદ લોકડાઉનની પરિસ્થિતિમાં શું કરવું? | મિશન ફોર વિઝન દ્વારા કાર્યરત ઉત્તર-પૂર્વના રાજ્યો માટે | મિશન ફોર વિઝન |
| ૨ | ૧૨-૭-૨૦ | સામૂહિક ચેપ નિયંત્રણ પોલિસી | લાયન્સ સાઈટ ફર્સ્ટ કોન્કલેવ | લાયન્સ ઈન્ટરનેશનલ |
| ૩ | ૩૦-૭-૨૦ | કોવિડ-૧૯ મહામારીમાં કાર્ય અંગે મૂંઝવણ | મિશન ફોર વિઝનના સહભાગીઓ | મિશન ફોર વિઝન |
| ૪ | ૮-૮-૨૦ | 'ઈન્ફેકશન કંટ્રોલ' ઉપર વેબીનાર | બધા ઓપ્થેલ્મોલોજીસ્ટ માટે | વીમેન્સ ઓપ્થેલ્મોલોજી સોસાયટી |
| ૫ | ૧૫-૯-૨૦ | 'ઈન્ફેકશન કંટ્રોલ' પર વેબીનાર | બધા ઓપ્થેલ્મોલોજીસ્ટ માટે | IPCA |
| ૬ | ૨૨-૯-૨૦ | ચેપ નિયંત્રણ પ્રેક્ટીસ પર વેબીનાર | 'વિઝન-૨૦૨૦'ના સહભાગી | વિઝન ૨૦૨૦ |
| ૭ | ૨૨-૯-૨૦ | કોવિડ મહામારીના સંદર્ભમાં છેવાડાના માનવી સુધી આરોગ્ય સેવા પહોંચાડવી | મિશન ફોર વિઝનના સહભાગી | મિશન ફોર વિઝન |
| ૮ | ૧૧-૧૧-૨૦ | કોવિડ-૧૯ પછી કામ કરવા માટે ગાઇડલાઇન નક્કી કરવી | ગાઇડલાઇન ફાઇનલ કરવી | ક્વોલીટી એન્ડ એક્રેડીટેશન ઇન્સ્ટીટ્યૂટ ઑફ ઈન્ડિયા/ઓરબીસ |
| ૯ | ૩-૧૨-૨૦ | પશ્ચિમ ભારતમાં રીફ્રેક્ટીવ એરર અને બેતાલાના ચશ્મા આપવાની સેવાઓમાં વધારો | 'વિઝન સ્પ્રીંગ' ના સ્ટાફ | વિઝન સ્પ્રીંગ |
| ૧૦ | ૬-૧૨-૨૦ | પ્રાથમિક આંખ સંભાળમાં ઓપ્થેલ્મીક આસિસ્ટન્ટની ભૂમિકા અને સફળતાની ગાથા | બધા ઓપ્ટોમેટ્રીસ્ટ | ઈન્ડિયન ઓપ્ટોમેટ્રી એસોસીએશન |

## પબ્લીકેશન

કોવિડની પરિસ્થિતિમાં કામગીરી ઘટી ગઇ હોવાથી સમયની મોકળાશ વધી, જેનો ઉપયોગ જુદા જુદા વિષય પર આર્ટીકલ્સ અને સ્ટડી-રીસર્ચ પેપર્સ લખવામાં કર્યો.

(૧) હોસ્પીટલની કામગીરીની શરૂઆતમાં રેપીડ એસેસમેન્ટ ઑફ એવોઇડેબલ બ્લાઇન્ડનેસ 'RAAB' નો સર્વે કર્યો હતો. જેના તારણોને આધારે રીસર્ચ પેપર તૈયાર કર્યુ હતું, તે ઓપ્થેલ્મીક એપીડેમીયોલોજી જર્નલમાં પ્રકાશિત થયું છે.

(૨) રેપીડ એસેસમેન્ટ ઑફ વીઝ્યુઅલ એક્યુઈટીનો સર્વે પણ કર્યો હતો તેના આધારે આર્ટીકલ તૈયાર કર્યો છે. જે જૂન-૨૦૨૦માં ઓપન સાયન્ટીફીક પબ્લીશર્સ જર્નલ ઑફ ઓપ્થેલ્મોલોજીમાં છપાયો છે.

(૩) વિઝન ૨૦૨૦ રાઇટ ટુ સાઇટ ઈન્ડિયા માટે કેટરેક્ટ મેન્યુઅલ રીવાઇઝ કરી ફરી તૈયાર કર્યું, જે પબ્લીશ થઇ ગયું.

(૪) ડૉ. સુહલ શાહે (અમેરીકા) એ માંડવીની મુલાકાત દરમિયાન ઓપ્ટોમેટ્રીના વિદ્યાર્થીઓને સાઇકીયાટ્રી વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. તેના આધારે તૈયાર કરેલ પોસ્ટર ''અમેરીકન એસોસીયેશન ઑફ ચાઇલ્ડ એન્ડ એડોલસન્ટ સાઈકીયાટ્રીસ્ટ'' ની વર્ચ્યુઅલ વાર્ષિક કોન્ફરન્સમાં રજૂ કર્યું.

(૫) ક્વોલીટી એન્ડ એક્રેડીટેસન ઇન્સ્ટીટ્યૂટ ઑફ ઈન્ડિયા દ્વારા ઓર્બીસ ઇન્ટરનેશનલની પહેલથી ડૉ. ઉદયભાઇએ આંખની હોસ્પીટલોએ કોવિડ પછી કઇ રીતે કામગીરી કરવી તેની ગાઇડલાઇન તૈયાર કરવાની ટીમમાં સહભાગી તરીકે ભાગ લીધો. જે ૧૨મી નવેમ્બરે જાહેર કરવામાં આવી.

### નાનકડા વૈદિકની લાંબી કહાની

૧૧ મહિનાના વૈદિક રવિદાસભાઇ વસાવા તેના માતા-પિતાનું ત્રીજું સંતાન છે. તેની મોટી બહેનના લગ્ન થઇ ગયા છે અને નાની બહેન ભણે છે. સ્વાભાવિક રીતે જ તે પરિવારનો લાડકો છે. વૈદિક પાંચ મહિનાનો હતો ત્યારે ત્રણ-ચાર દિવસ તેની ડાબી આંખ ખુલતી નહોતી. તેથી તેના માતા-પિતા સાગબારાના સામુહિક આરોગ્ય કેન્દ્ર પર તેને બતાવવા લઇ ગયા. ત્યાંથી વૈદિકને દવા આપી પરંતુ ખાસ ફરક પડ્યો નહીં. ફરીથી તેઓ બતાવવા ગયા ત્યારે ત્યાંનાં ડૉક્ટરે તેમને માંડવી રીફર કર્યા અને ચેતવણી પણ આપી કે જો ન જશો, તો ડાબી આંખ ગુમાવશો.

વૈદિકને લઇને તેના માતા-પિતા માંડવી આવ્યા અને અહીં ડોક્ટરે તપાસીને જણાવ્યું, કે તેની આંખમાં કંઇક કચરૂં પડ્યું હતું તેને કારણે તેની કીકીમાં ચેપ લાગ્યો છે અને ખરાબ થઇ છે. તેથી કીકી બદલવાનું ઓપરેશન કરવું પડશે. નાના બાળકના ઓપરેશનની વાત સાંભળીને તેઓ ડરી ગયા. વળી તેમની આર્થિક સ્થિતિ જોતાં ખર્ચ ક્યાંથી કરવો તેવી ચિંતા પણ હતી.

હોસ્પિટલમાં કાઉન્સેલર દ્વારા તેમને સમજાવ્યું કે, ઓપરેશન મફતમાં થશે. તેથી તેઓ સંમત થયા. પરંતુ વૈદિકને ખૂબ શરદી-કફ હોવાથી પંદર દિવસ હોસ્પિટલમાં રાખીને બાળકોના ડોક્ટર દ્વારા સારવાર કરાવી અને તબિયત થોડી વધુ સુધરે પછી ઓપરેશન કરીશું એમ જણાવી રજા આપી. પરંતુ તેઓ ઘરે ગયા પછી પાછા ન આવ્યા. તેથી હોસ્પિટલમાંથી તેમનો ટેલિફોન દ્વારા સંપર્ક સાધતા ખબર પડી, કે ભાડાના પૈસા ન હોવાથી તેઓ ફરીથી આવ્યા નહોતા. ફરીથી તેમને સમજાવ્યા તેથી તેઓ માંડવી આવ્યા. વૈદિક માટે કીકી મંગાવીને એનેસ્થેટીસ્ટની હાજરીમાં તેનું કીકી બદલવાનું ઓપરેશન કર્યું.

વૈકિદને ઓપરેશન પછી દવા-ટીપા વિગેરે આપવા અંગે તેના માતા-પિતાને સમજાવીને રજા આપી અને ફરી બતાવવા આવવાની તારીખ આપી. પરંતુ તેઓ આવ્યા નહીં. તેઓએ આપેલો ફોન નંબર લાગે નહીં. કોરાનાને કારણે ફીલ્ડવર્ક બંધ હોવાથી મુલાકાત થઇ શકી નહીં. છેવટે સાગબારા વીઝન સેન્ટરના સ્ટાફને હોમવિઝીટ માટે મોકલ્યા. વૈદિકને તેના માતા-પિતા મજૂરી કરવા ગયા ત્યારે સાથે લઇ ગયા હોવાથી સંપર્ક થયો નહીં. પરંતુ તેના ઘરે તેની બહેન હતી તેનો મોબાઇલ નંબર મેળવ્યો.

વૈદિકની બહેન સાથે વાત કરતા જાણવા મળ્યું, પૈસાની સગવડ ન હોવાથી તેઓ બતાવવા આવ્યા જ નહીં. આ વાત જાણતા અમારા સી.બી.આર. સુપરવાઇઝર સાગબારાના નાના કાકડીઆંબા ગામની વિઝીટે ગયા. તેઓને બસભાડાના પૈસા આપી માંડવી બતાવવા જવાનું સૂચન કર્યું. પરંતુ તેઓ બીજે જ દિવસે જ્યારે માંડવી આવ્યા ત્યારે વૈદિકની ટ્રાન્સપ્લાન્ટ કરેલી કીકી ખરાબ થઇ ચૂકી હતી.

અથાક પ્રયત્ન કરવા છતાં નાનકડા બાળકની આંખ બચાવી શક્યા નહીં!!

## આઉટરીચ એક્ટીવીટી

### કેમ્પ

કોવિડ મહામારીના સંદર્ભમાં લોકોના એકઠા થવા પર પ્રતિબંધ હોવાથી માર્ચ-૨૦૨૦ થી જ કેમ્પ બંધ થઇ ગયા. જે ડીસેમ્બર-૨૦૨૦ થી ફરી શરૂ થયા. પરંતુ તે દરમિયાન જ્યારે દર્દીઓને લાવવાની છૂટ મળી ત્યારથી દરેક વિઝન સેન્ટર / સેટેલાઈટ સેન્ટર પર દર્દી તપાસ કરીને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓ માટે નક્કી કરેલા દિવસે વાહન વ્યવસ્થા ગોઠવીને દર્દીઓને ઓપરેશન માટે માંડવી લાવીને પરત મોકલવાની વ્યવસ્થા કરી. આ માટે બસમાં સીટ દીઠ ૧ દર્દી લાવવા, માસ્ક પહેરાવવા, સેનીટાઇઝેશન કરવું, કોવિડનો રેપીડ ટેસ્ટ કરવો વિગેરે ગાઇડલાઇનનું ચુસ્તતાથી પાલન કરીને કામગીરી ચાલુ રાખી.

કેમ્પના દાતાઓને આ વ્યવસ્થા વિશે સમજાવ્યું જેથી જે તે સ્થળે કેટલાક નિયમિત દાતાઓએ કેમ્પ/દર્દી સ્પોન્સર કર્યા.

કાકરાપાર અણુમથક દ્વારા દર વર્ષે મેગા કેમ્પનું આયોજન કરવામાં આવે છે પરંતુ આ વર્ષે તે શક્ય ન હોવાથી કાકરાપારની નજીકના ગામોમાં (વિદ્યાર્થીઓ+સ્ટાફ) ટીમ દ્વારા ડોર ટુ ડોર સર્વે કરીને ઓપરેશન માટેના દર્દીઓ માટે વાહન વ્યવસ્થા ગોઠવીને ૧૦૦ ઓપરેશન કરવાનું આયોજન કરવામાં આવ્યું.

## નેત્રંગ - ઝંખવાવ - વ્યારા સેટેલાઈટ સેન્ટર

નેત્રંગ સેટેલાઈટ સેન્ટર પર ઓપરેશન થીયેટર જૂનથી શરૂ થયું. નેત્રંગના શ્રી રમેશભાઇ વસાવાને ૧ મહિનાની ચશ્મા ફીટીંગની તાલીમ આપી. તેને માટેના જરૂરી સાધનો ફાળવી આપ્યા. હવે નેત્રંગમાં પણ દર્દીઓને ચશ્મા ફીટીંગ કરીને તરત જ ચશ્મા મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવી શક્યા છીએ. તેને કારણે ચશ્માનું વેચાણ નોંધપાત્ર રીતે વધ્યું છે.

ઝંખવાવ સેટેલાઈટ સેન્ટર પર ઓપરેશન થીયેટરની છતનું સમારકામ લાંબા સમયથી પેન્ડીંગ છે. પત્ર દ્વારા અને રૂબરૂ વારંવાર રજૂઆત કરવા છતાં હજુ કામ થઇ શક્યું નથી, તેથી ઓપરેશનની કામગીરી બંધ છે.

વ્યારા સેટેલાઇટ સેન્ટર પર ગુજરાત સરકારની જરૂરિયાત મુજબ રેગ્યુલર ઓપીડી ચલાવવા ગુજરાત સરકારને સોંપવાથી કામગીરી નહિંવત્ થઇ છે.

વ્યારા તાલુકામાં શરૂ કરેલ અંધજન પુનર્વસન કાર્યક્રમ પણ ડીસેમ્બર-૨૦૨૦ માં પુરો થયો, જો કે છેલ્લા ૮-૯ માસ કામગીરી ઓછી થઇ અને હવે નવો પ્રોજેક્ટ કોવિડની પરિસ્થિતિમાં હાથ ધર્યો નથી. સ્થિતિ સુધરતા સુધી રાહ જોઇશું.

### કિસ્મત આડેનો પડદો ખસી ગયો!!

સૈયદભાઇ દીવાન ભરૂચ જિલ્લાના દહેજ પાસે આવેલા ડોલવણ ગામના રહીશ છે, પરંતુ મજૂરી કામ અર્થે કોસંબા રહીને પરિવારનું ગુજરાન ચલાવે છે. થોડા સમય અગાઉથી સૈયદભાઇને દેખાતું બંધ થઇ ગયું હતું. તેથી તેમના પરિવારજનો અન્યત્ર આંખની હોસ્પિટલમાં લઇ ગયા હતા, ત્યાં જમણી આંખનું મોતિયાનું અને ખસી ગયેલા પડદાનું ઓપરેશન કરાવ્યું. પરંતુ આંખની રોશની મળી નહિં. ડાબી આંખમાં હતી તે દૃષ્ટિથી તેમનું કામ ચાલતું હતું. પરંતુ પંદર વર્ષ બાદ (૬૦ વર્ષની ઉંમરે) તેમને ડાબી આંખમાં પણ દેખાતું બંધ થઇ ગયું. તેથી તેમણે અન્ય હોસ્પિટલમાં ઓપરેશન કરાવ્યું પરંતુ દૃષ્ટિ આવી નહીં.

બન્ને આંખે દેખાતું ન હોવાથી સૈયદભાઇ મજૂરી કામે જતા બંધ થયા અને તેમના સંતાનો કામ કરવા જવા લાગ્યા. તેમની પુત્રી જે કંપનીમાં કામ કરતી હતી, ત્યાંથી કોઇકે તેમને એકવાર માંડવી જઇને બતાવવાનું સૂચન કર્યું.

માંડવી આંખની હોસ્પિટલમાં તેમની તપાસ કરતાં જણાયું, કે ડાબી આંખમાં ફરીથી પડદો ખસી ગયો છે. તેથી પાછું ઓપરેશન કરવું પડશે. વારંવાર ઓપરેશન કરવા છતાં દેખાતું ન હોવાથી તેઓ હતાશ થઇ ગયા હતા અને ઓપરેશનની વાતથી ગભરાતા હતા. લાંબી સમજાવટ અને માફીમાં ઓપરેશન કરી આપવાની ખાતરી આપતાં, તેઓ માંડ-માંડ ઓપરેશન કરાવવા તૈયાર થયા. પડદાનું ઓપરેશન થયા પછી ડાબી આંખમાં દેખાતું થતાં જ તેઓ ખુશ થઇ ગયા. અંધ વ્યક્તિ તરીકે લાચાર જિંદગી જીવતા સૈયદભાઇ ફરી સ્વતંત્ર વ્યક્તિ તરીકે જીવશે અને તેમના સંતાનો નિશ્ચિંતપણે પોતાનું કામ કરી શકશે!!

સૈયદભાઇનો પરિવાર કહે છે, કે અમે તો અમારા પિતા ફરીથી જોઇ શકશે એવી આશા ગુમાવી બેઠા હતા. પરંતુ તેઓ ફરી દેખતા થઇ શક્યા તેને માટે તેજસ આંખની હોસ્પિટલનો ખૂબ-ખૂબ આભાર!!

## ડેડીયાપાડા, ઉમરપાડા, સાગબારા, ઉચ્છલ, બારડોલી, ખાપર, કીમ, કોસંબા વીઝન સેન્ટર્સ

બધા જ વીઝન સેન્ટર્સ પર કામગીરી ૧૧મી મે થી શરૂ થઇ પરંતુ તેના પહેલા બધા સ્ટાફને કોવિડ મહામારીના સંદર્ભમાં કામગીરી કઇ રીતે કરવી તેની ઝુમ કૉલ દ્વારા ઓનલાઇન તાલીમ આપવામાં આવી. ફરીથી ૬ઠ્ઠી જૂને પુનરાવર્તન કર્યું. જરૂરી પોસ્ટરો, કન્સેન્ટ ફોર્મ, સેનીટાઇઝર, માસ્ક, સાધનો પર પ્રોટેક્ટીવ શીલ્ડ, થર્મલ ગન, જરૂરી દવાઓ વિગેરે સામગ્રી ઉપલબ્ધ કરાવી.

૩જી જૂનથી ફીલ્ડવર્ક શરૂ કરાવ્યુ અને જે દર્દીઓને ઓપરેશનની સલાહ આપી હતી. તેમના ઘરે-ઘરે ફરીને વિઝીટ કરીને વિઝન સેન્ટર પર બોલાવવાનું શરૂ કર્યુ અને ટાઇમટેબલ મુજબ માંડવી મોકલીને ઓપરેશનની કામગીરી પૂર્ણ કરી. બધા સ્ટાફની ૩૦મી જુલાઇએ ફરી તાલીમ કરી.

ખાપરના સ્ટાફને ચશ્મા ફીટીંગની તાલીમ આપી તેથી ત્યાં ચશ્મા વેચાણ નોંધપાત્ર રીતે વધ્યું છે. ખાપરમાં પોપ ઇન ફીટ ચશ્માનું વેચાણ પણ થઇ રહ્યું છે.

ઓક્ટોબરથી બધા જ વિઝન સેન્ટર પરથી ઓપરેશન માટે દર્દીઓ નિયમિત રીતે આવતા થયા છે.

ડેડીયાપાડા વિઝન સેન્ટરનું સ્થળ બદલવાની જરૂર ઉભી થતાં નવેમ્બરથી સ્થળ બદલ્યું છે.

કીમ વિઝન સેન્ટર પર રામકૃષ્ણ વિવેકાનંદ સેવા કેન્દ્રના શ્રી નાગરભાઇ લાડનો સરાહનીય સહયોગ મળી રહ્યો છે. જેથી કામગીરી સુંદર રીતે પ્રગતિ કરી રહી છે.

